Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ००७, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# કાર્યવાહી

અનુસ્નાતક શિક્ષણ મંડળની સભા ગુરૂવાર તા. ૧૦–૬–૨૦૨૧ના રોજ બપોરે ૨.૦૦ કલાકે ઓનલાઈન / ઓફલાઈન Social Distancing ના પાલન કરી યૂનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં સભા મળેલ હતી જે સભામાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર / ગેર હાજર |
|---|---|---|
| ૧ | ડૉ. કિશોરસિંહ એન. ચાવડા કુલપતિશ્રી | હાજર |
| ૨ | ડો. હેમાલીબેન એ. દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૩ | ડો. ભાવીન આર. નાયક | ઓનલાઈન હાજર |
| ૪ | ડૉ. વિજયકુમાર એ. જોષી | ગેર હાજર |
| ૫ | ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ | ઓનલાઈન હાજર |
| ૬ | ડૉ. જયદીપભાઈ ચૌધરી | હાજર |
| ૭ | ડૉ. સ્નેહલભાઈ કે. જોષી | ઓનલાઈન હાજર |
| ૮ | શ્રી અજયભાઈ એન. પટેલ | હાજર |
| ૯ | ડૉ. વિપુલભાઈ આર. શાસ્ત્રી | હાજર |
| ૧૦ | ડૉ. રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૧ | ડો. એસ.એસ. રાવ | ઓનલાઈન હાજર |
| ૧૨ | ડો. સતીષભાઈ એલ. પટેલ | હાજર |
| ૧૩ | ડો. કે.સી. પોરિયા | હાજર |
| ૧૪ | ડૉ. એમ. એન. રેડ્ડી | હાજર |
| ૧૫ | ડો. એમ. એન. ગાયકવાડ | હાજર |
| ૧૬ | ડો. રાજેન્દ્રભાઈ બી. પટેલ | ઓનલાઈન હાજર |
| ૧૭ | ડૉ. અપુર્વભાઈ એ. દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૧૮ | ડો. વિપુલભાઈ જે. સોમાણી | હાજર |
| ૧૯ | ડો. કપિલાબેન મનોજ | ઓનલાઈન હાજર |
| ૨૦ | ડો. કિરણભાઈ એમ. પંડયા | ઓનલાઈન હાજર |
| ૨૧ | ડો. રેણુકાબેન ગર્ગ | ગેર હાજર |
| ૨૨ | ડો. શરીફાબેન વીજળીવાળા | હાજર |
| ૨૩ | ડો. કલ્પના ટી. રાવ | ગેર હાજર |
| ૨૪ | ડૉ. ડી. સી. જોષી | હાજર |

૧ અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની તા. ૨૦–૧૦–૨૦૨૦ની કાર્યવાહીને બહાલી આપવા અંગે

:: અનુસ્નાતક શિક્ષણ મંડળ(Board of University Teaching) ની તા. ૨૦/૧૦/૨૦૨૦ ની સભાની કાર્યવાહી ને બહાલી આપવામાં આવી હતી, ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી ::

૨　અનુસ્નાતક શિક્ષણ મંડળ પર Statute 134(b) The Board may at its first meeting after its constitution or re-constitution co - opt not more than three expers from this or any other University. ની જોગવાઈ અન્વયે નિયુકત સભ્યશ્રીની મુદૃત Statute 135 (The term of office of te members of the Board shall be three years, provided however, that a member shall cease to be a member of the Board , if he ceases to hold the office by veertue of which he has become a member of the Board.)ની જોગવાઈ અન્વયે ત્રણ વર્ષની છે, જે સમયઅવધિ તા. ૨૨–૫–૨૦૨૧ના રોજ બંધ પડે છે. Statute 134(b) ની જોગવાઈ અન્વયે તા. ૨૩–૫–૨૦૨૧ના રોજથી અનુસ્નાતક શિક્ષણ મંડળ પર વધુમાં વધુ ત્રણ (૩) સભ્યશ્રીને Co - opt અનુસ્નાતક શિક્ષણ મંડળ દ્વારા તેની પ્રથમ સભામાં કરવાના હોય અનુસ્નાતક શિક્ષણ મંડળ દ્વારા વધુમાં વધુ ત્રણ (૩) સભ્યશ્રીને Co - opt કરવા વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ Statute 134 (6) અન્વયે ત્રણ (૩) નિષ્ણાંત સભ્યો જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અથવા અન્ય યુનિવર્સિટીના શિક્ષણ શાસ્ત્રી (કો–ઓપ્ટ) કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપે છે.

(અનુસ્નાતક વિભાગ)

૩　**એમ.એસ.ડબલ્યુ.(સ્વનિર્ભર) અભ્યાસક્રમના વિષયનો Ph.D ઓર્ડિનન્સમાં સમાવેશ કરવા તથા સોસિયલ વર્કની RAC ની રચના કરવા અંગે ચર્ચા કરતા MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની તા.૦૬/૭/૨૦૧૯ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૫ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ જે વિનયન વિદ્યાશાખાની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૧ અન્વયે બી.યુ.ટી. ને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની**
**તા.૦૬/૦૭/૨૦૧૯ ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૫**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, કમ્પરેટીવ લીટરેચરની નિયૂકત (એડહોક) બોર્ડની જેમ એમ.એસ.ડબલ્યુ.ની પણ RAC બનાવવા માટે તથા Ph.D ઓર્ડિનન્સમાં સમાવેશ કરવા ઘટતુ કરવા ભલામણ કરવામાં આવે છે. આમ કરવા પાછળનો હેતુ એવો છે કે હાલમાં એમ.એસ.ડબલ્યુ. વિષયમાં જે વિદ્યાર્થીઓ Ph.D કરે છે તેમને યુનિવર્સિટી તરફથી Ph.D in Social work પ્રમાણે ડિગ્રી એનાયત કરવાને બદલે Ph.D in Sociology ડિગ્રી એનાયત કરવામાં આવે છે જે યોગ્ય ન હોવાની તે સુધારો કરવા એમ.એસ.ડબલ્યુની સ્વતંત્ર RAC બનાવાની જરૂરીયાત છે ત્યારબાદ Ph.D ઓર્ડિનન્સમાં સુધારો કરવા સમિતિ વિનયન વિદ્યાશાખાને ભલામણ કરે છે.**

**<u>વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૧</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે બી.યુ.ટી. ને ભલામણ કરવામાં આવે છે.**

: : વિનયન વિદ્યાશાખાની તા.૦૮/૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ ૧૧ થી SOCIAL WORK વિષયની RAC નું ગઠન કરવા તથા Ph.D ઓર્ડીનન્સમાં આમેજ કરવા એકેડેમિક કાઉન્સીલને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**(શૈક્ષણિક વિભાગ)**

૪ બાયોઈર્ન્ફોમેટીકસ વિષય ( કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈનફરમેશન ટેકનોલોજી વિદ્યાશાખા)માં પીએચ.ડી. સંશાધન અભ્યાસ સફળતા પૂર્વક પાસ કરનાર સંશોધનાર્થી મુર્તાઝા હજૂરી ધ્વારા તા.૧૭/૧૨/૨૦૨૦ની અરજીથી પીએચ.ડી. સંશોધન અભ્યાસની ડીગ્રી બાયોસાયન્સ વિષય તરીકે આપવા વિનંતી કરેલ છે. અરજીકર્તાને પીએચ.ડી. સંશોધન અભ્યાસ બાયોસાયન્સ વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિની ભલામણને અનુસ્નાતક શિક્ષણ મંડળની સભાએ આપેલ મંજૂરી મુજબ સંશોધન અભ્યાસ બાયોઈર્ન્ફોમેટીકસ વિષયમાં પ્રવેશ ફાળવણી થયેલ હતી. સંશોધનાર્થી ધ્વારા તા.૨૪/૦૬/૨૦૧૬ના રોજ સિનોપ્સીસ જમા કરાવ્યા બાદ થીસીસ જમા કરાવેલ છે. થીસીસના મુલ્યાંકન બાદ મુજબ સંશોધન અભ્યાસ તા.૧૬, એપ્રિલ ૨૦૧૯ના રોજ સફળતા પૂર્વક પાસ કરેલ છે. સંશોધનાર્થી ધ્વારા થીસીસ તા.૨૭/૧૨/૨૦૧૬ના રોજ મૂલ્યાંકન માટે જમા કરાવ્યા બાદ તા.૨૧/૦૨/૨૦૧૭ ના રોજ માર્ગદર્શક શિક્ષકની નોંધ સાથે બાયોઈર્ન્ફોમેટીકસ વિષયના સ્થાને બાયોસાયન્સ વિષયમાં વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ સંશોધન અભ્યાસની મંજૂરી આપવા વિનંતી કરેલ હતી. સંશોધનાર્થીની વિનંતી બાબતે બાયોસાયન્સ વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિના કો–ચેરમેન ની ભલામણ અને ચેરમેનશ્રીની ભલામણ ધ્યાને લઈ માન.કુલપતિશ્રીના ધ્વારા સંશોધનાર્થી વિનંતી BUT સમક્ષ રજૂ કરતા BUT ધ્વારા નીચે મુજબ ઠરાવ સાથે વિનંતી સ્વીકારેલ ન હોય અરજીકર્તા ધ્વારા પીએચ.ડી. સંશોધન અભ્યાસના બાયોઈર્ન્ફોમેટીકસનો વિષય બદલી બાયોસાયન્સ વિષય વિજ્ઞાન વિદ્યાશાખા અંતર્ગત પીએચ.ડી. નોટીફીકેશન (ડીગ્રી) જાહેર કરવા ફરીથી અરજી કરેલ છે. જે વિનંતી નીચે મુજબની પ્રવેશ અને તે બાદની કાર્યવાહી ધ્યાને લઈ સંશોધનાર્થીની વિનંતી સ્વીકારવી કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

<u>બાયોસાયન્સ વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિની પ્રવેશ ભલામણ</u>

સંશોધનાર્થીના પ્રવેશના વિષય અને વિદ્યાશાખા બાબતે બાયોસાયન્સ વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિ ધ્વારા બાયોઈનફરમેટીક વિષય હોવાથી અનુસ્નાતક શિક્ષણ મંડળની સભા સમક્ષ રજૂ કરવા ભલામણ કરેલ છે.

<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૦૯/૦૫/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક (૪૪)</u>

: : આથી ઠરાવવામાં આવે છે કે, બાયોસાયન્સ વિષયની ડી.આર.એસ.સી.ની ભલામણનો સ્વીકાર કરવો તથા ઉપરોકત વિદ્યાર્થીના પીએચ.ડી.નું રજીસ્ટ્રેશન નવનિયુકત કોમ્પ્યુટર સાયન્સ વિદ્યાશાખામાં કરવુ.

<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩/૦૩/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક (૧૮)</u>

: : આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. સંશોધનન અભ્યાસમાં કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈનફરમેશન ટેકનોલોજી વિદ્યાશાખાના બાયેઈનફમેટીકસ વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં નોંધણી કરાવેલ સંશોધનાર્થી (૧) હજુરી મુર્તઝ અબ્બાસભાઈ અને (૨) રચ મૌલિક હર્ષદભાઈ ધ્વારા તેમની સિનોપ્સીસ અને થીસીસ મુલ્યાંકન માટે જમા કરાવ્યા બાદ સંશોધનાર્થી ધ્વારા તેમના માર્ગદર્શકશ્રીની ભલામણ સાથે સંશોધન અભ્યાસ વિજ્ઞાન વિદ્યાશાખાના બાયોસાયન્સ વિષયમાં કરવાની વિનંતી કરેલ હોય જે વિનંતી ગ્રાહય રાખવી નહી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, (૧) **હજુરી મુર્તઝ અબ્બાસભાઈ** અને (૨) **રચ મૌલિક હર્ષદભાઈ** ની તા. ૧૭/૧૨/૨૦૨૦ ની અરજી અવલોકને લઈ તેઓને આપવામાં આવેલ બાયોઈન્ફોમેટીકસ ( કોમ્પ્યુટર સાયન્સ અને ઈન્ફોરમેશન ટેકનોલોજી)નુ નોટીફીકેશન તથા પદવીમાં સુધારો કરી વિજ્ઞાન વિદ્યાશાખાના બાયોસાયન્સ વિષયમાં નોટીફીકેશન તથા પદવી આપવા એકેડેમિક કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક વિભાગ)

૫ **બાયોસાયન્સ વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિની સભા તા.૧૨/૧૦/૨૦૨૦ ના રોજની સભાએ ભલામણ ઠરાવ ક્રમાંક ૭ અન્વયે રાજય સરકારની માર્ગદશિકા મુંજબ એથીકલ સમિતિની રચના કરવાની ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.**

**7. Ethical committee formation in the University**

As there are three biological science related departments on the campus and several colleges also conduct research involving live animals/tissues/cells, it is recommended that ethical committee be formed as per the Government guidelines.

:: બાયોસાયન્સ વિષયની રીસર્ચ એડવાયઝરી સમિતીની તા.૧૨/૧૦/૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક : ૭ ના અન્વયે રાજય સરકાર માર્ગદર્શીકા મુજબ એથીકલ સમિતીની રચના કરવાની ભલામણ ધ્યાને લઈ તમામ વિદ્યાશાખામાં સમાવેશ સંશોધન વિષયોના અભ્યાસ માટે એથીકલ પોલીસી બનાવવા તમામ વિદ્યાશાખાના ડીનશ્રી, અધર ધેન ડીનશ્રી તથા જે વિદ્યાશાખાના ડીનશ્રી કાર્યરત ન હોય તે વિદ્યાશાખાના સિનિયર સભ્યશ્રીને નિયુકત કરવા માન.કુલપતિશ્રીને સત્તા આપવાની સાથે સમિતિ નિયુકત કરવા ઠરાવવામાં આવે છે.

૬ **ડૉ. ભાવેશ મહેન્દ્રભાઈ મોદી, આસિ. પ્રોફેસર, શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા એજયુકેશન ફેકલ્ટીનાં એજયુકેશન વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતાની અરજી સાથે નીચેની વિગત અવલોકને લઈ ખગત ની તા.૨૦–૧૦–૨૦ ના ઠરાવ ક્રમાંક (૧૪)થી બહ કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૯/૩/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક (૧૫) થી માન.કુલપતિશ્રીને સતા આપેલ હોય જે અન્વયે સિન્ડિકેટ ની તા.૧૮/૫/૨૦૨૧ ની સભાએ અન્ય યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતા મળેલ હોય તેવા અધ્યાપકોને યુનિવર્સિટી / યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જોડાઈ તે બાબતે ધારાધોરણ નિયત કરવા અનુસ્નાતક શિક્ષણ મંડળમાં પુનઃવિચારણા કરવા ઠરાવેલ છે જે મુજબ અન્ય યુનિવર્સિટી પીએચ.ડી.સુપરવાઈઝીંગ ટીચર માન્યતા પ્રાપ્ત અધ્યાપકને યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જોડાય તો તેઓની અગાઉની માન્યતા કાયમ રાખી પીએચ.ડી.સુપરવાઈઝીંગ ટીચરની માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.**

**(૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પત્ર ક્રમાંકઃ** GAD/GIA/Estt/T/ Appoint/11710/2017, **તા.૩૦–૦૬–૨૦૧૭ થી આસિ. પ્રોફેસર તરીકે નિમણૂંક કરેલ છે.**

**(૨) ડૉ. ભાવેશ મહેન્દ્રભાઈ મોદી ગુજરાત યુનિવર્સિટીમા પીએચ.ડી. ગાઈડ તરીકેની માન્યતા વર્ષ ૨૦૧૩ થી ધરાવતા હતા.**

**(૩) તેમના માર્ગદર્શન હેઠળ ૪ (ચાર) સંશોધનાર્થીઓએ પીએચ.ડી. સંશોધન અભ્યાસ પૂર્ણ કરેલ છે.અર માં જણાવ્યા મુજબ હાલમાં તેમના માર્ગદર્શન હેઠળ કોઈપણ સંશોધનાર્થી કાર્યરત નથી.**

**<u>ખગત ની તા.૨૦–૧૦–૨૦ ના ઠરાવ ક્રમાંક (૧૪)</u>**

**આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.વિશ્વનાથ પટેલ, શેઠ પી.ટી.મહિલા કોલેજ ઓફ આર્ટસ , સુરત ના ગુજરાતી વિષયમાં પીએચ.ડી. સુપરવાઈઝીંગ ટીચરની માન્યતાની અરજી તેમના માર્ગદર્શન હેઠળ ભાવનગર યુનિવર્સિટીના સંશોધનાર્થીઓને યુ. .સી. અને રાજય સરકારની માર્ગદર્શકિ મુજબ સંશોભન અભ્યાસના ગાઈડ તરીકે માર્ગદર્શન આપવામાંથી મુકત કર્યાના બાહેધરી પત્ર રજુ કર્યેથી ગુજરાતી વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવાની કાર્યવાહી કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**<u>એકેડેમિક કાઉન્સિલના તા.૯/૩/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક (૧૫)</u>**

**આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે માનનીય ઈ.ચા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

**<u>સિન્ડિકેટ ની તા.૧૮/૫/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક (૧૨)</u>**

**આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલના તા.૯/૩/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક (૧૫) થી કરેલ ઉપરોકત ભલામણ અંતર્ગત આવા પ્રકારના પ્રશ્નોનું ધારા ધોરણ નકકી કરવા માટેપુનઃ વિચારણા કરવા માટે બી.યુ.ટી. માં રજુ કરવી.**

:: પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની લાયકાત / માન્યતાના ધોરણો યુ.જી.સી દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ હોય અન્ય યુનિવર્સિટીમાં પી. એચ. ડી સુપરવાઈઝીંગ ટીચરની માન્યતા ધરાવતા અધ્યાપક આપણી યુનિવર્સિટી કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં નોકરીમાં જોડાય તેવા કિસ્સામાં પીએચ. ડી માર્ગદર્શક શિક્ષક તરીકે જે તે યુનિવર્સિટીની માન્યતા ધ્યાને લઈ ઓર્ડીનન્સ–૧૦૮ મુજબની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરી અરજીકર્તા અધ્યાપકને પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવામાં આવે તેવી એકેડેમિક કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે.

**(અનુસ્નાતક વિભાગ)**

૭ **યુનિવર્સિટી શિક્ષણ વિભાગના વડાશ્રીના તા.૨૪/૦૩/૨૦૨૧ના પત્રાંકઃ શિક્ષણ/એમ.એડ્. સ્વનિર્ભર/૧૮૮૭/૨૦૨૧થી શિક્ષણ વિભાગ ખાતે એમ.એડ્. સેલ્ફ ફાયનાન્સ અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે કોઈ પ્રવેશ થયેલ ન હોય તેમજ છેલ્લા પાંચ વર્ષથી એક પણ વિદ્યાર્થીનો પ્રવેશ થયેલ ન હોય જે અંગે યોગ્ય નિર્ણય લેવા માટેની રજૂઆત સંદર્ભમાં માન. ઈ.ચા. કુલપતિશ્રી નિયુકત સમિતિની તા.૦૭/૦૪/૨૦૨૧ના રોજના આ સાથેની વિગતે સંયુકત અભિપ્રાય અનુસાર હાલના સંજોગોને તેમજ વર્તમાન પરિસ્થિતિને પણ ધ્યાનમાં લઈ એમ.એડ્. સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામ બંધ કરવા અને બંધ કરવાની ઘટતી કાર્યવાહી માટેની ભલામણ કરવામાં આવેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.**

:: શિક્ષણ વિભાગ ખાતેના એમ.એડ્. સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ બંધ કરવા અંગેની કુલપતિશ્રી નિયુકત સમિતિની ભલામણનો સ્વીકાર કરી સમીતીની ભલામણ રજુઆત કરવા એકેડેમિક કાઉન્સીલને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે. **(અનુસ્નાતક વિભાગ)**

૮ પી.એચ.ડી ની જાહેરાત આપ્યાથી લઈ, ફોર્મની સ્ક્રુટીની, પ્રવેશ પરીક્ષા અને ત્યારબાદ પ્રેઝન્ટેશન આમ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ના સમયગાળામાં કેટલાક નવા પી.એચ.ડી સુપરવાઇઝિંગ ટીચરો ને મંજૂરી મળતી હોય છે તેમજ કેટલાક સુપરવાઇઝિંગ ટીચરો ના વિધાર્થીઓનું સંશોધન કાર્ય પૂર્ણ થતાં આવા સુપરવાઇઝિંગ ટીચરો પાસે પણ વિધાર્થીઓની જગ્યાઓ ખાલી થતી હોય છે. સદર બાબતને ધ્યાને લઇ વધુમાં વધુ વિધાર્થીઓ ને પ્રવેશ મળી શકે તે હેતુથી પી.એચ.ડી પ્રવેશમાટે પ્રપોઝલ પ્રેઝન્ટેશન ગોઠવાય તેના આગળના દિવસ સુંધી માન્યતા મળનાર સુપરવાઇઝિંગ ટીચર તથા કેટલાક સુપરવાઇઝિંગ ટીચર ના વિધાર્થીઓનું સંશોધન કાર્ય પૂર્ણ થતાં ખાલી પડતી જગ્યાઓ ધ્યાને લઇ જે તે વિષય માટે પ્રપોઝલ પ્રેઝન્ટેશન ગોઠવાય તેના આગળના દિવસ સુંધી ઉપલબ્ધ થતી બેઠકો પર પ્રવેશ ફાળવવા અંગે વિચારણા કરવા બાબત...

નોંધ:

1. UGC ની ગાઈડલાઈન અનુસાર જ્યારે જાહેરાત આપવાની થાય ત્યારે જ the number of seats for admission, subject/discipline-wise distribution of available seats દર્શાવવાની થાય છે.
2. પ્રવર્તમાન સમયમાં અનુસરવામાં આવતી પધ્ધતિ અનુસાર જેતે પ્રવેશ સાયકલ દરમ્યાન તમામ વિષયોની બેઠકો મળીને થતી કુલ બેઠકોને યુનિટ ગણીને રોસ્ટર ક્રમાંક અનુસાર અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પીએચડી. સંશોધન અભ્યાસની પ્રવેશ બેઠકો જાહેર કરવાની પ્રવર્તમાન પ્રથા યથાવત રાખી પ્રવેશ કાર્યવાહી કરવી.

૯ **ગ્રામ અભ્યાસ વિષયના બોર્ડ દ્વારા નિમાયેલ પેટા સમિતિઓએ તૈયાર કરેલ M.R.S.(SD) ના સેમેસ્ટર–૩ અને ૪ ના વિવિધ વિષયનો અભ્યાસક્રમ ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિ તથા ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની સંયૂકત સભાની તા. ૧૮–૦૩–૨૦૨૧નાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે મુજબ બી.યુ.ટી. ને ભલામણ કરેલ છે જે ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**<u>ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિ તથા ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની સંયૂકત સભાની</u>**
**<u>તા. ૧૮–૦૩–૨૦૨૧નાં ઠરાવ ક્રમાંકઃ ૨</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, M.R.S.(SD) સેમેસ્ટર–૩ અને સેમેસ્ટર–૪ નું નવું માળખું અને વિવિધ વિષયોના અભ્યાસક્રમો મંજુર કરવામાં આવ્યા અને તે મંજુર કરવા બી.યુ.ટી. ને કરેલ ભલામણને મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામ અભ્યાસ વિષયની અભયાસ સમિતિ તથા ગ્રામ અભ્યાસ વિદ્યાશાખાની સંયૂકત સભાની તા.૧૮–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ(૨) થી કરેલ ભલામણ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે

૧૦ **M.R.S. ના સેમે. ૧ થી ૪ નો અભ્યાસક્રમ અંગે ચર્ચા કરતા બોર્ડ દ્વારા નિમાયેલ પેટાસમિતિએ તૈયાર કરેલ નવું માળખું અને વિવિધ વિષયોના નવા / સુધારેલા અભ્યાસક્રમો ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિ તથા ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની સંયૂકત સભાની તા.૧૮–૦૩–૨૦૨૧નાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે નીચે મુજબ બી.યુ.ટી.ને ભલામણ કરેલ છે જે ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિ તથા ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની સંયૂકત સભાની તા. ૧૮–૦૩–૨૦૨૧નાં ઠરાવ ક્રમાંકઃ ૩**

**: : આથી ઠરાવવામાં આવે છે કે, M.R.S. નવું ક્રેડિટ માળખું અને તેમાં સામેલ જુદા – જુદા વિષયોના અભ્યાસક્રમો સર્વાનુમતે મંજૂર કરવા બી.યુ.ટી. ને ભલામણ કરવામાં આવે છે. (પ્રસ્તુત અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ થી લાગુ કરવા.**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામ અભ્યાસ વિષયની અભયાસ સમિતિ તથા ગ્રામ અભ્યાસ વિદ્યાશાખાની સંયૂકત સભાની તા.૧૮–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ(૩) થી કરેલ ભલામણ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક વિભાગ)

૧૧ **શાહ કે. એમ. લો કોલેજ, વલસાડમાં બંધ કરેલ LL.M. (Business Law) અભ્યાસક્રમનું સેન્ટર ચાલુ કરવા બાબતે (૧) શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડના મંત્રીશ્રીનો તા.૦૫–૦૫–૨૦૨૧નો પત્ર ક્રમાંક : NKM/18/21-22.તથા (૨) વિદ્યાર્થીઓની સંયુકત સહિથી યુનિવર્સિટી કાર્યાલયને તા.૨૪–૦૫–૨૦૨૧ના રોજ મળેલ રજુઆત પર વિચારણા કરવા બાબત...**

નોંધ :– શ્રી નૂતન કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત શાહ કે.એમ. લો કોલેજ, વલસાડના ઈ.ચા.આચાર્યશ્રીના તા.૧૬/૯/૨૦૨૦ના પત્રાંક : ૬૮/૨૦૨૦–૨૧ થી કોલેજમાં ચાલતા પી.જી. સેન્ટ, વલસાડમાં LL.M. માન્યતા પ્રાપ્ત પી.જી. લેકચરરો પ્રાપ્ત થતાં ન હોય, પી.જી. સેન્ટર ચલાવવું શકય ન હોય જેથી કામ ચલાઉ ધોરણે પી.જી. સેન્ટરમાં સને ૨૦૨૦–૨૧ થી LL.M. SEMESTER-1 માં પ્રવેશ ન ફાળવવાની કરેલ વિનંતી બાબતે ડીનશ્રી, કાનૂન વિદ્યાશાખા તથા ચેરમેનશ્રી, શ્રી નૂતન કેળવણી મંડળ પાસે અભિપ્રાય મંગાવતા પ્રસ્તુત કોલેજ ખાતે ચાલતા LL.M. અભ્યાસના અનુસ્નાતક કેન્દ્રમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી પ્રવેશની કાર્યવાહી ન કરવા વિનંતી સંદર્ભમાં અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૦–૧૦–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક (૧૮) અન્વયે, ડીનશ્રી, કાનુન વિદ્યાશાખાનો તા.૨૫–૦૯–૨૦૨૦નો અભિપ્રાય અને ચેરમેનશ્રી, શ્રી નૂતન કેળવણી મંડળનો તા.૦૧–૧૦–૨૦૨૦ના પત્રથી આપેલ અભિપ્રાય મુજબ અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૦–૧૦–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક (૧૮) અન્વયે મંજુર કરવા અને LL.M. માં Business Law વિષયનો અનુસ્નાતક અભ્યાસક્રમ યુનિવર્સિટી કાનૂન ડિપાર્ટમેન્ટમાં શરૂ કરવા માટે લો ડિપાર્ટમેન્ટના કોર્ષ કો–ઓર્ડિનેટરને દરખાસ્ત કરવા એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૧૮–૧૨–૨૦૨૦ની સભના ઠરાવ ક્રમાંક (૩૧) અન્વયે શાહ. કે. એમ. લો કોલેજમાં LL.M. Business Law ના પ્રવેશ સ્થગિત કરી તેના સ્થાને સિન્ડિકેટના ઠરાવ અનુસાર એમ. એસ. કે. લો કોલેજ, ભરૂચ ખાતે આ સેન્ટર ફાળવવામાં આવેલ હોય તેની નોંધ લેવામાં આવેલ છે.

: : આથી ઠરાવવામાં આવે છે કે, શાહ કે. એમ. લો કોલેજ, વલસાડમાં બંધ કરેલ LL.M. (Business Law) અભ્યાસક્રમનું સેન્ટર ચાલુ કરવા બાબતે (૧) શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડના મંત્રીશ્રીનો તા.૦૫–૦૫–૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ NKM/18/21-22 તથા (૨)વિદ્યાર્થીઓની સંયુકત સહિથી યુનિવર્સિટી કાર્યાલયને તા.૨૪ – ૦૫ – ૨૦૨૧ના રોજ મળેલ રજુઆત સંદર્ભમાં નવુ અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમાનુસાર જરૂરી કાર્યવાહી કરવી.

૧૨　પીએચ. ડી. સુપરવાઈઝીંગ ટીચરની માન્યતાની સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના ડાયરેકટશ્રીના તા. ૨૮–૫–૨૦૨૧ના પત્ર ક્રમાંક : CSS/VNSGU/27/2021થી Approved ઈન્સ્ટિટયૂટ તરીકે માન્યતા આપેલ છે. સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ યુનિવર્સિટીની માન્યતા ધરાવતી હોય, તે ધ્યાને લઈ નીચેના ફેકલ્ટી સભ્યોને પીએચ.ડી. ગાઈડ તરીકે માન્યતા આપવાની વિનંતી કરેલ છે. માર્ગદર્શક શિક્ષકની માન્યતા વિષયક દરખાસ્ત ધ્યાને લઈ ઓર્ડિ ૧૦૮ની નીચે મુજબની જોગવાઈનું પરિપાલન થતુ હોય તો નીચેના અધ્યાપકોને માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

| | | | |
|---|---|---|---|
| ૧ | Dr. Satyakam Joshi | Professor | સમાજશાસ્ત્ર / સમાજકાર્ય |
| ૨ | Dr. Kiran Desai | Professor | સમાજશાસ્ત્ર / ગ્રામીણ અભ્યાસ |
| ૩ | Dr. Gagan bihari Sahu | Associate Professor | અર્થશાસ્ત્ર |
| ૪ | Dr. Sadan Zha | Associate Professor | ઈતિહાસ |

૧: ઓર્ડિનન્સ ૧૦૮ મુજબ ફૂલ ટાઈમ, રેગ્યુલર ટીચર(પોઝીસન સાથે કન્ફર્મ) બાબતે આધાર રજૂ કરેલ છે.

૨: ઓર્ડિનન્સ ૧૦૮ મુજબ યુનિવર્સિટી માન્યતા ધરાવતા ફૂલ ટાઈમ પ્રોફેસર દ્વારા પીએચ. ડી. સંશોધન અભ્યાસ બાદ (૫) પાંચ પબ્લીકેશન રીફર્ડ જર્નલમાં પ્રકાશિત થયેલ હોવા જોઈએ.

૩: ઓર્ડિનન્સ ૧૦૮ મુજબ યુનિવર્સિટી માન્યતા ધરાવતા ફૂલ ટાઈમ એસોસિએટ પ્રોફેસર દ્વારા (૨) બે પબ્લીકેશન રીફર્ડ જર્નલમાં પ્રકાશિત થયેલ હોવા જોઈએ.

નોંધ :

૧: યુનિવર્સિટી દ્વારા તેના તા. ૫–૨–૨૦૧૫ના પત્રથી સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝને રસ્ટોર (પુનઃસ્થાપિત) કર્યાની જાણ કરેલ છે.

૨: પત્રની વિગત મુજબ અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ પીએચ. ડી. સંશોધનાર્થી કાર્યરત ન હોવાની જાણ સાથે માર્ગદર્શન મેળવતા સંશોધનાર્થીઓ પૈકી ઓછામાં ઓછા(૪) સંશોધનાર્થીઓને ICSSR દ્વારા ફેલોશિપ મળી શકે તેમ હોય તેની (આ સાથેના પત્રથી) જાણ કરેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સેન્ટર ફોર સોસીયલ સ્ટડીઝના નીચે મુજબના અધ્યાપકોને ઓર્ડીનન્સ–૧૦૮ મુજબની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરી અરજીકર્તા અધ્યાપકોને પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવામાં આવે તેવી એકેડેમિક કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | Dr. Satyakam Joshi | Professor | સમાજશાસ્ત્ર / સમાજકાર્ય |
| ૨ | Dr. Kiran Desai | Professor | સમાજશાસ્ત્ર / ગ્રામીણ અભ્યાસ |
| ૩ | Dr. Gagan bihari Sahu | Associate Professor | અર્થશાસ્ત્ર |
| ૪ | Dr. Sadan Zha | Associate Professor | ઈતિહાસ |

(અનુસ્નાતક વિભાગ)

૧૩ પીએચ. ડી. સંશોધન અભ્યાસની પ્રવેશ કાર્યવાહીના ભાગરૂપ પ્રવેશ પરિક્ષાનું ફોર્મ ભરનાર અરજીકર્તા ઉમેદવાર ગત વર્ષ દરમ્યાન પ્રવેશ પરિક્ષા ક્વોલિફાઈડ થયેલ છે. હાલની પ્રવેશ પરીક્ષામાં ક્વોલીફાઈડ થયેલ નથી અથવા ક્વોલિફાઈડ માર્કસ ગત પ્રવેશ પરિક્ષા કરતા ઓછા આવે છે, તે ઉમેદવા ગત વર્ષના ક્વોલિફાઈડ માર્કસ ચાલુ પ્રવેશ કાર્યવાહી માટે સ્વીકારવા વિનંતી કરે તો તેવી વિનંતી સ્વીકારવી કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, અંતિમ પ્રવેશ પરીક્ષાના માર્કસ પ્રવેશ કાર્યવાહીના હેતુસર માન્ય ગણવા.

૧૪ પીએચ. ડી. સંશોધન અભ્યાસની પ્રવેશ કાર્યવાહીના ભાગરૂપ નેટ / સ્લેટ / ગેટ / એમ. ફીલ. ક્વોલિફાઈડ ઉમેદવાર, પ્રવેશ પરિક્ષા કેટેગરી માટે ફોર્મ સબમીત કરે અને જો તે ઉમેદવાર પ્રવેશ પરિક્ષામાં ક્વોલિફાઈ ન થાય અથવા ક્વોલિફાઈ માર્કસ ઓછા આવે અને તે ઉમેદવાર નેટ / સ્લેટ / ગેટ / એમ. ફીલ. ક્વોલિફાઈડ માર્કસ ગણતરીમાં લેવાની વિનંતી કરે તો તેવી વિનંતી સ્વીકારવી કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. સંશોધન અભ્યાસના ઉમેદવાર પ્રવેશ પરિક્ષામાં ક્વોલિફાઈ ન થાય અથવા ક્વોલિફાઈ માર્કસ ઓછા આવે અને તે ઉમેદવાર નેટ / સ્લેટ / ગેટ / એમ. ફીલ. ક્વોલિફાઈડ માર્કસ ગણતરીમાં લેવાની વિનંતી કરે તો તેવી વિનંતી નામંજૂર કરવી.

૧૫ પીએચ. ડી. સંશોધન અભ્યાસની પ્રવેશ કાર્યવાહીના ભાગરૂપ પીએચ. ડી. સંશોધન અભ્યાસની માન્યતા પ્રાપ્ત માર્ગદર્શક શિક્ષક દ્વારા આપવામાં આવતી દરખાસ્તની સમય અવધિ નિયત કરવામાં આવે છે. નિયત સમય અવધિના પ્રથમ દિવસ બાદના દિવસો દરમ્યાન જો અધ્યાપક આસિસ્ટન્ટ પ્રોફેસરમાંથી એસોસિએટ પ્રોફેસર તરીકે ડેઝીગ્નેટેડ થાય, અથવા એસોસિએટ પ્રોફેસરમાંથી પ્રોફેસર તરીકે ડેઝીગ્નેટેડ થાય તો તેવા અધ્યાપકની દરખાસ્ત નવા ડેઝીગ્નેશનને આધારે સ્વીકારવી કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ. ડી. પ્રવેશ માટે યુ.જી.સી.ના નિયમ અનુસાર રોસ્ટર તૈયાર કર્યા પહેલા આ પ્રકારની વિનંતીઓનો સ્વીકાર કરવો.

૧૬ **શાહ કે. એમ. લો કોલેજ, વલસાડના ઈ.ચા.આચાર્યશ્રી ધ્વારા અધ્યાપક સહાયક શ્રીમતી હેમલતા એસ. પરમારની નિમણૂંક ઉચ્ચ શિક્ષણ કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૦૮/૦૭/૨૦૧૯ના રોજ નિમણૂંક કરવામાં આવેલ હોય અને તેમને મળેલ પત્રક્રમાંકઃ એસ(૧) (માન્યતા–૯૧)/૧૫૯૮૪/૨૦૧૯, તા. ૧૦/૦૮/૨૦૧૯થી યુનિવર્સિટી માન્યતા પ્રપ્ત અધ્યાપક સહાયક હોય જે ધ્યાને લેતા એકેડેમિક કાઉન્સિલની તા. ૯–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક (૨૬)થી યુ.જી.સી. દ્વારા યુ.જી. તથા પી.જી. શિક્ષકોની જુદી જુદી લઘુત્તમ લાયકાત નિર્ધારીત કરવામાં આવી નથી તે વિદ્યાશાખાઓમાં યુનિવર્સિટી માન્ય અધ્યાપકોએ અનુસ્નાતક શિક્ષક તરીકે અલગથી માન્યતા લેવાની રહેશે નહી.જે મુજબ અધ્યાપક સહાયક હેમલતા. એસ. પરમાર ને પી.જી.ટીચરની માન્યતા આપવા વિચારણા કરવા બાબત**

:: આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એમ. લો કોલેજ, વલસાડના અધ્યાપક સહાયક શ્રીમતી હેમલતા એસ. પરમારને અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા પ્રવર્તમાન નિયમ મુજબ આપવી.

૧૭ પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં કવોલિફાઈડ થયેલ ઉમેદવારો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની પ્રિ રજીસ્ટ્રેશન કોર્ષ વર્ક સફળતાપૂર્વક પાસ કરવાની માર્ગદર્શિકા અમલ કરવા સંબધિત પીએચ. ડી. ઓર્ડિનન્સ ૪.૩ની નીચેની જોગવાઈ મુજબ પ્રિ રજીસ્ટ્રેશન કોર્ષ વર્ક સફળતાપૂર્વક પાસ કરવાની હોય છે.

4.3 The admission shall be based on the criteria notified by the University, keeping in view the guidelines / norms in this regard issued by the UGC and other statutory bodies concerned, and taking into account the reservation ૭ઃ૯઼ૈ of the Central/State Government from time to time.

4.4 All the qualified candidates shall present research proposal before Research Advisory Committee.

4.5 All the candidates who have been recommended by RAC for admission to Ph.D. program shall have to attend Pre-Registration course work and shall have to appear for the examination of Pre-Registration course work. The candidate shall have to pass the Pre-Registration course work examination in maximally two attempts (including the regular one). The Syllabus of Pre-Registration course work shall be in accordance to the notification of UGC.

પ્રિ રજીસ્ટ્રેશન કોર્ષ વર્ક પરીક્ષા સફળતા પૂર્વક પાસ થયેલ ઉમેદવારનું પરિણામ જે તે વર્ષની પ્રવેશ પરિક્ષા બાદ કેટલી પ્રવેશ કાર્યવાહી માટે માન્ય ગણવી તે અંગે વિચારણા કરવા બાબત.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત Withdraw કરવામાં આવે છે.**

૧૮ પીએચ. ડી. સંશોધન અભ્યાસની હવે પછી શરૂ થનાર પ્રવેશ કાર્યવાહી માટે નેટ / સ્લેટ / ગેટ / એમ. ફીલ. કવોલિફાઈડ હોય તો તેવા ઉમેદવારનું પીએચ. ડી. પ્રવેશનું ફોર્મ પ્રવેશ પરિક્ષા કેટેગરી માટે સ્વીકારવુ કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ. ડી. સંશોધન અભ્યાસની હવે પછી શરૂ થનાર પ્રવેશ કાર્યવાહી માટે નેટ / સ્લેટ / ગેટ / એમ. ફીલ. કવોલિફાઈડ હોય તો તેવા ઉમેદવારનું પીએચ. ડી. પ્રવેશનું ફોર્મ પ્રવેશ પરિક્ષા કેટેગરી માટે સ્વીકારવાની અરજીકર્તાની વિનંતી સ્વીકારી પ્રવેશ પરીક્ષાનું જે પરિણામ આવે તે સ્વીકારવાનું રહેશે.

૧૯ તબીબી અધિક્ષકશ્રી, નવી સિવીલ હોસ્પિટલ સુરતના તા. ૪–૬–૨૦૨૧ના પત્ર ક્રમાંક : નસિહોસુ / કોવિડ–૧૯ / ૧૮૯૦૧ / ૨૦૨૧ ના પત્રથી હાલમાં Fellowship in Fetal Medicine અને Fellowship in Basic Fetal Medicine & Advanced Obstetric Ultrasonography કોર્ષ ચાલુ હોય ઓબ્સ એન્ડ ગાયનેકોલોજી વિભાગમાંથી જેમણે ડીગ્રી અથવા ડિપ્લોમાંની પદવી એનાયત થયેલ હોય તે વિધાથીઓને Fetal Medicine માં પીએચ. ડી. સંશોધન અભ્યાસની તક મળે તે હેતુથી શરૂ કરવાની દરખાસ્ત સંબધકર્તા વિભાગના વડાશ્રી અને બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીની ભલામણ સાથે મળેલ છે. જે ભલામણ સંદર્ભમાં માન. કુલપતિશ્રીના આદેશ મુજબ તબીબી વિધાશાખાના સિનિયર સભ્યાશ્રીનો અભિપ્રાય મેળવતા તેમના દ્વારા નીચે મુજબની ભલામણ કરેલ છે. જે ભલામણ અવલોકને લઈ તબીબી વિધાશાખા અંતર્ગત Fetal Medicine માં પીએચ. ડી. સંશોધન અભ્યાસ શરૂ કરવા વિચારણા કરવા બાબત.

<u>વિદ્યાશાખાના સિનિયર સભ્ય ર્ડા. કે. એન. ભટ્ટનો અભિપ્રાય :</u>

Fetal Medicine માં પીએચ. ડી. સંશોધન અભ્યાસમાં ઓબ્સ. એન્ડ ગાયનેક અથવા રેડીયોલોજી અનુસ્નાતક અભ્યાસ અને Fetal Medicine fellowship અથવા Fetal Medicine certificate course કરનારને પ્રાધાન્ય આપવા સાથે Ph. D. સંશોધન અભ્યાસ શરૂ કરવા ભલામણ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખામાં Fetal Medicine માં પીએચ.ડી. સંશોધન અભ્યાસ શરૂ કરવાની દરખાસ્ત સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

**(શૈક્ષણિક વિભાગ)**

૨૦ **આંકડાશાસ્ત્ર વિભાગમાં** M. Sc. (Applied Statistics) **અભ્યાસક્રમને સેલ્ફ ફાઈનાન્સમાંથી હાયર પેમેનટ ફી માં તા. ૨૯–૦૯ / ૩૦–૧૦–૨૦૧૦ના ઠરાવ ક્રમાંક (૮૨) થી તબદીલ કરવામાં આવેલ હોઈ, યુનિવર્સિટીને શરત ચુકથી વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૨૦–૨૧ સુધી ૨૦ ટકા ફીની રકમ પેટે ચૂકવેલ રકમ કુલ રૂા. ૨૦,૪૫,૮૯૦/– વિભાગના** "Department Development & Manintanance Fund Statistics" **ના યુનિયન બેન્ક વેસુ, શાખામાં ખાતા નંબર** 4434022010005871 **માં જમા કરવાનિ વિનંતી બાબતે નાણા સમિતિની તા. ૭–૬–૨૦૨૧ની સભાએ તેના ઠરાવ ક્રમાંક ( ૨) અન્વયે શરત ચૂકથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૨૦–૨૧ સુધી જમા કરાવેલ રકમ ૨૦ ટકા ફીની રકમ કુલ રૂા. ૨૦,૪૫,૮૯૦/– પેટે ચુકવેલ રકમ હાયર પેમેન્ટની હોવાથી પરત કરવા અને પ્રોગ્રામને હાયર પેમેન્ટ ફી માંથી સ્વનિર્ભર પ્રોગ્રામ ગણવા અનુસ્નાતક શિક્ષણ મંડળને ભલામણ કરેલ છે, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.**

<u>નાણા સમિતિ તા. ૭–૬–૨૦૨૧, ઠરાવ ક્રમાંક (૨)</u>

આંકડાશાસ્ત્ર વિભાગ M.Sc.(Applied Statistics) અભ્યાસક્રમને સેલ્ફ ફાઇનાન્સમાંથી હાયર પેમેન્ટ ફી માં તા.૨૯-૦૯/૩૦-૧૦-૨૦૧૦ ની સિન્ડિકેટની બાબત ક્રમાંક : ૮૨ થી તબદીલ કરવામાં આવેલ હોઇ, યુનિવર્સિટીને શરત ચુકથી વર્ષ ૨૦૧૦-૧૧ થી ૨૦૨૦-૨૧ સુધી ૨૦% ફીની રકમ પેટે ચૂકવેલ રકમ કુલ રૂા.૨૦,૪૫,૮૯૦/- વિભાગનાં ''Department Development & Maintance Fund Statistics" નાં યુનિયન બેન્ક વેસુ, શાખામાં ખાતા નંબર.- ૪૪૩૪૦૨૦૧૦૦૦૫૮૭૧ માં જમા કરવા અંગે ચર્ચા-વિચારણા કરતાં, યુનિવર્સિટીને શરત ચુકથી વર્ષ ૨૦૧૦-૧૧ થી ૨૦૨૦-૨૧ સુધી ૨૦% ફીની રકમ પેટે ચૂકવેલ રકમ કુલ રૂા.૨૦,૪૫,૮૯૦/- વિભાગને પરત કરવી તેમજ આ પ્રોગ્રામની તમામ સીટો હાયર પેમેન્ટની હોવાથી સદરહુ પ્રોગ્રામને સ્વનિર્ભર પ્રોગ્રામ ગણવા બી.યુ.ટી. સભાને ભલામણ કરવામાં આવે છે.

: : આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટેસ્ટીકસ વિભાગમાં ચાલતા એમ.એસસી. (એપ્લાઈડ સ્ટેટેસ્ટીકસ) નો અભ્યાસક્રમ હાયર પેમેન્ટ બેઠક માંથી સ્વનિર્ભર અભ્યાસમાં તબદીલ કરવાની નાણાંસમિતિની બાબત નાંણા સમિતિની તા.૭/૬/૨૦૨૧ની ભલામણ ક્રમાંકઃ(૨) અનુસ્નાતક શિક્ષણ મંડળના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય યોગ્ય સત્તા મંડળમાં રજૂ કરવી.

૨૧ પીએચ. ડી. સંશોધન અભ્યાસની હાલમાં ચાલતી પ્રવેશ કાર્યવાહીથી પીએચ. ડી. સંશોધન અભ્યાસના કવોલિફાઈડ ઉમેદવારોની પ્રપોઝલ પ્રેઝન્ટેશનની કાર્યવાહી નજીકના દિવસોમાં હાથ ધરાનાર છે. હાલમાં ઓનલાઈન વાઈવા વોસનું રેકોડીંગ કરવામાં આવે છે જે મુજબ ઓનલાઈન / ઓફલાઈન પ્રપોઝલ પ્રેઝન્ટેશનની કાર્યવાહીનું રેકોર્ડીંગ કરવા વિચરણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. સંશોધન અભ્યાસની હાલમાં ચાલતી પ્રવેશ કાર્યવાહીથી પીએચ. ડી. સંશોધન અભ્યાસના કવોલિફાઈડ ઉમેદવારોની પ્રપોઝલ પ્રેઝન્ટેશન બાબતે રાજયની અન્ય યુનિવર્સિટીઓમાં જે પધ્ધતિથી પ્રપોઝલ પ્રેઝન્ટેશન કરવામા આવે તેનો અભ્યાસ કરી બી.યુ.ટી. સમક્ષ રજૂ કરવું.

૨૨ પીએચ. ડી. સંશોધન અભ્યાસની થીસીસ મુલ્યાંકન બાદ વાઈવા વોસનું ઓનલાઈન / ઓફલાઈન આયોજન કરવામાં આવે છે. ઓનલાઈન વાઈવા વોસની કાર્યવાહીનું રેકોર્ડીંગ કરવામાં આવે છે તે મુજબ ઓફલાઈન વાઈવા વોસનું રેકોર્ડીંગ કરવા અંગે વિચારણા કરવા બાબત.

: : આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ. ડી. સંશોધન અભ્યાસની થીસીસ મુલ્યાંકન બાદ વાઈવા વોસનું ઓનલાઈન / ઓફલાઈન આયોજન કરવામાં આવે છે. ઓનલાઈન વાઈવા વોસની કાર્યવાહીનું રેકોર્ડીંગ કરવામાં આવે છે તે મુજબ ઓફલાઈન વાઈવા વોસનું રેકોર્ડીંગ કરવું.

ક્રમાંક : પીજી / બીયુટી / કાર્યવાહી / ૭૮૧૩ / ૨૦૨૧
તા. ૧૦ – ૬ – ૨૦૨૧ ઈ. ચા. કુલસચિવ
પ્રતિ,
અનુસ્નાતક શિક્ષણ મંડળના સભ્યશ્રીઓ........